સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

રાજયોમાં ધર્મ-સમાજોની, સેના રચાઈ ગઈ છે,
હક-બેઠકો માટે તલવારો ખેંચાઈ ગઈ છે.
ધોવાઈ ગઈ મહેનત સરદાર-પટેલની -
પક્ષોની 'રાષ્ટ્રીય' પ્રેમની આંખ મિંચાઈ ગઈ છે...
(સંકુચિત - દૃષ્ટિ)

હાઈકુ

દબાવે નાક,
પક્ષીય સંગઠનો -
ધર્મના નામે..
(બહુમતિ સમાજોનો આતંક)

જૂથો ને ટોળાં,
ફેલાવે છે આતંક -
સમાજ નામે...
(જ્ઞાતિ-ગૌરવ)

ચિંતન

બુંદ સમાના સમુદ્ર મેં, જાનત હૈ સબ કોય,
સમુદ્ર સમાના બુંદ મેં, જાને બિરલા કોય.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

પાણીનું એક બિંદુ સમુદ્રમાં સમાઈ જાય તે તો સમજાય તેવી વાત છે, પણ સમુદ્ર આખો એક બુંદમાં સમાઈ જાય તે સમજવું મુશ્કેલ છે. છતાં ધ્યાનમાં રહેનાર પુરુષ અને પરમાત્મા એ બંનેની વાતમાં ઉત્તર મુજબ જ બને છે. ધ્યાન ધરનાર મનુષ્યનું હૃદયાકાશ જે એક બિંદુ સમાન છે, તેમાં તે પરમાત્માને કે આખા વિશ્વને જોઈ શકે છે.

પ્રકાશિત થયેલા હૃદયમાં આવા વિશ્વનું પ્રતિબિંબ તે જોઈ શકે છે, પણ આ યોગનો વિષય છે અને તે અતિ ગહન છે. તેથી કોઈ વિરલા જ તે સમજી કે અનુભવી શકે છે. મૃત્યુલોકનાં માનવીનું ગજું નથી.

સુવિચાર

- ધન વિના ચાલતું નથી, અને ધન એની પાછળ જે લઈ આવે છે તે ખમાતું નથી - **અમૃતબિંદુ**
- ધિક્કાર એટલે વેર વાળવાની તકની રાહ જોઈ રહેલો ગુસ્સો - **સિસેરો**
- બધા બદમાશ સરખા હોય છે, દરેક બદમાશે બાપની આજ્ઞા ઉથાપીને શરુઆત કરેલી હોય છે - **ચીનની કહેવત**
- પુણ્યનો ગર્વ કરો એના કરતાં પાપનું પ્રાયશ્ચિત કરવું એ વધુ હિતકારી બની રહેશે - **શ્રી માતાજી**
- જે સાધનાથી પાપકર્મ તપ્ત થાય છે તે તપ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખરાબ વ્યવહાર અને ચીડિયો સ્વભાવ તરત જ તેનો પ્રભાવ દેખાડે છે - **ગાર્ડીનર**
- આજનું ઔષધ : સર્પગંધા ચૂર્ણ ૨ ગ્રામ, જટામાંસી, ૨ ગ્રામ બ્રાહ્મી ૨ ગ્રામ ભેગાં કરી રાત્રે પાણી ાસતે લેવાથી હાઈ બીપીમાં રાહત થાય છે. *(સંકલન : દિપક વી. આશરા)*

બોધકથા

સંત પાસે એક ભક્ત આવ્યો. તેણે કહ્યું, 'મને એવી કોઈ ભક્તિ બતાવો જેથી ભગવાનના સાક્ષાત દર્શન થાય.' સંતે કહ્યું, 'સામેના મંદિરમાં એક વર્ષ સુધી ભજન અને ઉપાસના કરી તારા હૃદયને પવિત્ર કર પછી તને ભગવત્ દર્શન થશે.' ભક્તે એક વર્ષ સુધી ભજન અને ઉપાસના કરી. વર્ષ પૂરું થવામાં એક વર્ષ બાકી હતું ત્યારે ભગત સંતને મળવા નીકળ્યા ત્યારે એક સેરી વાળતી બાઈ સંતની સૂચના મુજબ ભક્તને અડકીને ચાલી ગઈ. ભક્ત તરત લાકડી લઈ ગુસ્સામાં પેલી પાછળ દોડ્યા. બાઈ કંઈ ન બોલી. ભક્ત સંત પાસે આવ્યા. અને કહ્યું, સંત, મેં આપની આજ્ઞા પાળી છે. એક વર્ષ થવા છતાં ભગવાનના દર્શન નથી થયાં.'

સંતે કહ્યુ, 'ભાઈ, તમારું મન હજી વિષથી ભરેલું છે, હજી એક વર્ષ મંદિરમાં ભજન કર, મનને શાંત કર, મનને જીતી લે પછી મને મળજે.' ભગતે ફરી એક વર્ષ સંતની સૂચના મુજબ પુરુ કર્યું. અને સંતને મળવા નીકળ્યા ત્યારે પેલી બાઈએ ફરી ભગત ઉપર કચરો નાખ્યો. આ વખતે ભગતને ગુસ્સો ન આવ્યો પણ સ્ત્રીને કહ્યું. 'બેન, ધ્યાન રાખો, ભગતનો ખ્યાલ તો રાખો...' પેલી બાઈ ચૂપચાપ ચાલી ગઈ. ભક્તે સંતને ફરી ફરિયાદ કરી કે ભગવાનના દર્શન ન થયા. ત્યારે સંતે કહ્યું, 'ભાઈ, તારા મનરુપી સાપનું માથું જીવંત છે તે ડસતું નથી છતાં ફુંફાડો મારે છે માટે વધુ એક વર્ષ ભજન કર' ફરી એજ ક્રમ ચાલ્યો વર્ષ પૂરું થયું ભગત સંતને મળવા નીકળ્યા ત્યારે ફરી પેલી બાઈએ ભક્ત ઉપર ગંદુ પાણી નાખ્યું.

આ વખતે ભક્ત બાઈને પગે લાગ્યા અને બોલ્યા 'ધન્ય છે બાઈ, તું મારી ગુરુ બેન છો તેં મને ખરો રાહ દેખાડ્યો છે. તારા થકી હું પ્રભુને આજે જોઈ રહ્યો છું.'

ભક્ત જયારે સંત પાસે પહોંચે ત્યારે સંતના મુખ પર સૌમ્ય ભાવ હતો. અને ભગવાનને પ્રભુ દર્શન થયાનો ભાવ હતો.

શ્રેષ્ઠ માનવી માત્ર માન ભૂખ્યો હોય છે

તંત્રીસ્થાનેથી...

સન્માન કોને નથી ગમતું ? આપણા નીતિશાસ્ત્રના જાણકારો જાણે છે કે સાધારણ માણસને પૈસો જ ખપે છે, મધ્યમ કક્ષાના માણસને પૈસા ઉપરાંત થોડું માન પણ ખપે છે જયારે ઉત્તમ માણસને તો માન મળ્યું એટલે ભયો ભયો! કદાચ બાકીનું કશું નહીં મળે તોય ચાલશે. શ્રેષ્ઠ માનવી માન ભૂખ્યો હોય છે. આ સુભાષિત એટલા કારણસર યાદ આવ્યું કે પ્રજાસત્તાક દિવસે કોંગ્રેસના નવનિયુક્ત રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધીને રાજપથ પરેડ નિહાળવા માટે ઈન્ડિયા ગેટ પાસે ગોઠવાયેલી બેઠક વ્યવસ્થામાં છેક છઠ્ઠી હરોળમાં જગ્યા ફાળવવામાં આવી હતી. આથી કોંગ્રેસી વર્તુળોમાં શાસક ભાજપના નેતાઓ પ્રત્યે ભારે રોષ ફેલાવા પામ્યો છે. આ મુદ્દે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તાએ કરેલ નિવેદનથી બળતામાં ઘી હોમાયું છે. રાહુલ ગાંઠીને છઠ્ઠી હરોળમાં બેઠક ફાળવાઈ તે પણ પ્રોટોકોલનો ભંગ કરીને અપાઈ હોવાનો ખુલાસો કરાયો છે. રાહુલ ગાંધીને વીવીઆઈપી દીર્ઘામાં નિયમ મુજબ બેઠક ફાળવી જ ન શકાય, કારણ કે તેઓ માત્ર સાંસદ છે, મંત્રી કે સરકારમાં હોદ્દો ધરાવતા નેતા નથી. વળી ભાજપે તો એમના પ્રત્યે છઠ્ઠી હરોળમાં સ્થાન આપવાનું સૌજન્ય પણ દાખવ્યું છે, જયારે કોંગ્રેસી શાસન દરમિયાન ભારતીટ જનતા પાર્ટીના સંગઠનના નેતાઓ કે રાષ્ટ્રીય અધ્યક્ષને કયારેય આવું સન્માન આપવાની દરકાર નહોતી દાખવી, પણ એવું નિવેદન કરી દેવાયું. રાહુલ ગાંધીએ છઠ્ઠી હરોળમાં બેસીને પરેડ નિહાળી, એટલું જ નહીં - એણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાની આપ-લે પણ હસતા મોઢે કરી, એથી એમના પ્રત્યે જનસમુદાયમાં આદરભાવ વધ્યો છે. સહાનુભૂતિ પર સાંપડી છે. સામા પક્ષે શાસક પક્ષ દ્વારા કોંગ્રેસના પ્રમુખના આવા 'અપમાન' બદલ પ્રજામાં કચવાટ પણ ફેલાયો છે. મોદીનું સમસ્ત તંત્ર એમના જ ઈશારે કામ કરતું હોવાનું સુવિદિત છે. રાહુલ ગાંધીને છવ્વીસમી જાન્યુઆરીની પરેડમાં પાછલી હરોળમાં ફાળવાયેલી બેઠક રાજકીય ફાયદો કરાવી શકે છે ! દરમિયાન રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરાયેલ 'પદ્મ' એવોર્ડ પૈકીના સૌથી નાના 'પદ્મશ્રી' એવોર્ડની નવાજેશ ચાર ગુજરાતીઓના નામે કરાઈ છે. ચાણક્યનું પાત્ર ભજવનારા તખ્તાના અભિનેતા મનોજ જોશી મૂળે સાબરકાંઠાના અડપોદરા ગામના વાતની છે. અલબત્ત, મુંબઈ ખાતે રહેતા હોઈ એમની ગણતરી મહારાષ્ટ્રના નાગરિક તરીકે થાય તે સ્વાભાવિક છે. પદ્મ એવોર્ડ રાજય સરકારની ભલામણના આધારે કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત તજજ્ઞોની સમિતિ પસંદ કરે છે, ગુજરાતના ખૂબ જ જાણીતી પ્રેસ ફોટોગ્રાફર ઝવેરીલાલ મહેતા, કેન્સર હોસ્પિટલના નિયામક તરીકે યાદગાર પ્રદાન કરી નિવૃત્ત થયેલ ડૉ. પંકજ શાહ અને સિવિલ સર્વિસ ક્ષેત્રે માતબર પ્રદાન કરનાર પૂર્વ ચીજ એન્જિનિયર કે જેમને સચિવનો દરજ્જો અપાય હતો તેવા એસ. એસ. રાઠૌરને પદ્મશ્રી એનાયત કરવાનો નિર્ણય કરાયો છે. ત્રણે મહાનુભાવો આ એવોર્ડ માટે પૂરેપૂરા લાયક છે બલકે એમની પ્રતિભા તો એથી પણ ઉચ્ચતર કદરને લાયક હતી એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. ઝવેરીલાલ મહેતા નેવું પાર કરી ચૂક્યા છે, પરંતુ ફોટોગ્રાફીમાં એટલા જ પ્રયોગશીલ છે. એમની ફોટો સ્ટોરીઝ 'ગુજરાત સમાચાર'ની પ્રતિષ્ઠા પર ચાર ચાંદ લગાવતી રહી છે. કેન્સર હોસ્પિટલમાં યાદગાર સેવાઓ આપી ચૂકેલ ડૉ. પંકજ શાહ ગુજરાતમાં જ નહીં બલકે દેશમાં કોમોથેરાપીના અગ્રદૂત ગણાય છે. કેન્સર હોસ્પિટલની પ્રતિષ્ઠા એમના જેવા તબીબોના તપને કારણે છે. એસ.એસ. રાઠૌર ઉત્તર ગુજરાતના વલાસણા ગામના રાજવંશી પરિવારમાં આવે છે. એમના સૌજન્યશીલ વ્યવહાર અને સ્વચ્છ વહીવટને કારણે તેઓ બ્યુરોક્રસીના રોડમોડલ સમા બની ચૂક્યા છે. ગુજરાતમાંથી કોઈ સાહિત્યકાર કે ખેલાડીને આ વખતે પદ્મ એવોર્ડ માટે પસંદ કરાયેલ નથી. પદ્મ એવોર્ડ મેળવી ચૂકેલ હયાત સર્જકોમાં સર્વશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, કુમારપાળ દેસાઈ, ગુણવંત શાહ, વિષ્ણુ પંડ્યા અને પત્રકાર દેવેન્દ્ર પટેલનો સમાવેશ થાય છે.

અભિવ્યક્તિની સ્વતંત્રતા ખાતર રાજય દ્રોહ કરી શકાય નહિ

સમાજવાદની જગ્યાએ જાતી વાદ તરફ ધકેલાઈ જઈ રહ્યો છે દેશ...

દેશની બીન સાંપ્રદાયીકતા પર ખતરો મંડાઈ રહ્યો છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

સમાજવાદની જગ્યાએ જાતીવાદ તરફ ધકેલાતો દેશ સમાજમાં અરાજકતા ફેલાવે છે કોઈ એક કોમ્યુનીટી, સમાજના લોકો ટોળેવળી એકત્ર થઈ કાયદાને હાથમાં લઈ ન્યાયતંત્રના હુકમની અવગણના કરે અને સરકારને બાનમાં લઈ ગેરકયદેસર બંધારણીય વિરૂધ્ધની હક્કિત સરકાર દ્વારા નાક દબાવી મોં ખોલવાના મિથ્યા પ્રયત્નો રૂપ રાજયની શાંતિ, સલામતી ડહોળી નિર્દોષ માનવીને અન્યાય થાય, શારિરીક, માનસીક તથા આર્થિક નુકશાન પહોંચાડી સરકાર પાસે ધાર્યું કરવું એ સમાજમાં અરાજકતા ફેલાવવા બરાબર છે. રાજયના જાનોમાલને નુકશાન પહોંચાવડી જાહેર સુખાધિકારને અટકાવવા પ્રયત્ન કરવો એ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૭, ૪૩૬, ૩૧૧ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ મુજબ ગંભીર ગુન્હો બને છે ઘણી વખત સરકાર કોઈ એક સમાજ દ્વારા રાજયની તમામ જનતાને જાનમાલને નુકશાન પહોંચાડવા તથા સમાજમાં અરાજકતા ફેલાવવા બદલ તથા યુવાનોને ગુમરાહ કરી સરકારને તથા રાજયને નુકશાન પહોંચાડવા ધાર્યું કરવા માટેના ગુન્હા સબબ રાજય દ્રોહનો ગુન્હો લગાડી આવા યુવાનેતાઓને રાજય નિકાલ, તડીપાર, પાસા કરી અન્ય જગ્યાએ બંધક બનાવી રાખે છે જયાં સુધી રાજયની સુખ, શાંતિ, સલામતી બરકરાર ના થાય પહેલા જેવો સામાન્ય વ્યવહાર ના થાય ત્યાં સુધી કલમ ૧૮૮ તથા ૧૪૪ મુજબ જનતા કરફયુ નાંખી શકે છે તથા બે થી વધારે વ્યક્તિઓને ભેગા થવા ઉપર, સભા યોજવા ઉપર રેલી કાઢવા ઉપર તથા ઘાતક હથીયારો, આંગચંપી જેવી વસ્તુઓ સાથે રાખવા ઉપર પ્રતિબંધ લાદે છે અને જો આ પ્રકારનો ગુન્હો આચરે તો કલમ ૪૨૭, ૪૩૬, ૩૧૧ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ મુજબ ધરપકડ કરી જેલમાં પુરી શકે છે તથા કોર્ટ દ્વારા આવી વ્યક્તિને રીમાન્ડ પણ મેળવી શકે છે.

તાજેતરમાં એક પછી એક સમાજ, જ્ઞાતિઓએ પોતાની માંગણી સરકાર પાસે મંજુર કરાવવા રસ્તા ઉપર ઉતરી રોડ જામ કરી ટ્રાફિકને અડચણરૂપ બની સરકારી માલમિલ્કતને તથા સામાન્ય નિર્દોષ માણસોના વાહનોને, જાનમાલને નુકશાન પહોંચાડી સરકાર ઉપર દબાણ લાવવાનો પ્રયત્નો કરી રેલી, સભાઓ યોજી નારાબાજી કરી જાનમાલને નુકશાન કરવાના મોટા પાયે પ્રયત્નો કરતા આવા યુવાનોને કાયદો તોડતા વ્યક્તિઓને જાહેરનામાનો ભંગ કરવા બદલ સરકારે ધરપકડ કરી નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા માટે પ્રયત્ન કરી શાંતિ જાળવી રાખવાની તમામ વ્યવસ્થા સરકારે કાયદાની મર્યાદામાં રહીને નામદાર કોર્ટના હુકમનો પાલન કર્યો હતો.

વ્યક્તિને દરેક સમાજને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે પરંતુ અભિવ્યક્તિની સ્વતંત્રતા, સ્વચ્છંદતામાં ફેરવી શકે નહિ અને આખા રાજયની જનતાને બાનમાં રાખી શકે નહિ સરકાર પાસે માંગણી કરી શકાય, સરકારનો વિરોધ્ધ કરી શકાય આ માટે ગાંધીચિંધ્યા માર્ગે ઉપવાસ, ધરણા, સભા યોજી આવેદનપત્રો સરકારને કે સક્ષમ અધિકારી, જીલ્લા કલેકટરશ્રી, જીલ્લા પોલીસ વડાશ્રી કે ગૃહ રાજય મંત્રીશ્રીને રજુઆત કરી શકે છે.

પોતાની માંગ માટે સામાન્ય જનતા કે દેશની સલામતીને જોખમમાં લાવી અશાંત કે અરાજકતા ઉપર મુકિ શકાય નહિ આવા સમયે સલામતી જાળવવાનું તથા કાયદાનું પાલ કરવાની જવાબદારી રાજય સરકારની રહે છે. બંધારણની કલમ ૧૯(૧)(અ) મુજબ જો કોઈ એક વ્યક્તિની અભિવ્યક્તિની સ્વતંત્રતાને સાચવવા પુરા રાજયના નિર્દોષ લોકોને નુકશાન થાય તો તેવી અભિવ્યક્તિ વાણી દ્વારા પ્રતિબીબ દ્વારા ફિલ્મ દ્વારા કરાતી હોય તો તેને રાજય સરકાર સમગ્ર જનતાના હિત માટે રાજયની સલામતી ખાતર અટકાવી શકે છે, પ્રતિબંધ મુકી શકે છે.

વ્યક્તિને પોતાની જાનમાલનું રક્ષણ કરવાનો હક્ક, અધિકાર છે તેમજ તેની સુરક્ષા પુરી પાડવા માટે બંધારણ મુજબ કાયદાનું પાલન કરવાની જવાબદારી રાજય સરકારની છે. લોકશાહીમાં ન્યાય મેળવવો એ દરેકનો સમાન હક્ક, અધિકાર છે પરંતુ ન્યાય તંત્રને બાનમાં લેવાનો કોઈ એક વ્યક્તિ કે સમાજનો હક્ક, અધિકાર કે ઈજારો નથી.

અભિવ્યક્તિના અધિકાર નીચે દેશની સલામતીને નુકશાન ના કરી શકાય વ્યક્તિ સ્વંત્રતા તથા અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારો દેશ, નાગરિક તથા સલામતીથી પર નથી તે વાત દરેક સમાજ અને નાગરિકે સમજવાની જરૂર છે.

કાયદાનો સરેઆમ ભંગ કરી દેશની રાજયની સલામતી જોખમમાં મુકવાનો કોઈ પણ વ્યક્તિને બંધારણીય અધિકાર નથી. અભિવ્યક્તિના અધિકાર નીચે દેશ દ્રોહ કે રાજય દ્રોહ કરી શકાય નહિ દેશહિતમાં આવી વિરોધી પ્રવૃત્તિ કોઈ કાળે ચલાવી કશકાય નહિ.

ઈશ્વરને પોતાના મોટા મોટા તારાઓ કરતાં માનવીએ પેટાવેલાં કોડિયાં વધુ વહાલાં છે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

પરદેશમાં રહેતા સંતાન
એટલે
માવતરનો વનવાસ.

- પારસ. એસ. હેમાણી 'આપણી વાત'

નવેમ્બર-ડિસેમ્બર-જાન્યુઆરી એટલે જાણે તમામ NRI નું વતનમાં પરત પરવાનું મીની વેકેશન ! શોપિંગ, સગાં-વ્હાલાં સાથેનું ગેટ-ટુ-ગેધર, મસ્તી, મજા, હરવા-ફરવા જવું આ બધામાં તેમનો સમય એટલો ઝડપથી પસાર થઈ જાય છે કે જયારે પરત ફરવાનું થાય ત્યારે મા-બાપ કે પરિવારજનો સાથે ઘણો ઓછો સમય વીતાવ્યો હોય તેમ લાગવા માંડે છે. ભારતની બહાર વસતા ભારતીયોના હૃદયમાં તો ભારતીયતા જ ભરેલી હોય છે. તેઓ ભલે ગમે-તેટલા સુખી, સંપન્ન અને સંતુષ્ટ હોય છતાં મનના કોઈ ખૂણે ભારતની કમી મહેસૂસ કરતા હોય જ છે અને કદાચ પોતાની આ જ કમીને પૂર્ણ કરવા અહીંથી લઈ જઈ શકાય એટલી વસ્તુઓ અને વર્ષભર ચાલે તેટલા સંસ્મરણોને મોટી-મોટી બેગોમાં અને નાનકડાં એવા હૈયામાં ઠાંસી-ઠાંસીને ભરી લે છે. આપણી દેશભક્તિ ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઑગસ્ટે જ તંદ્રામાંથી બહાર આવે છે પણ આ એન.આર.આઈ. ની દેશભક્તિ બારેમાસ લીલીછમ્મ અકબંધ જળવાયેલી હોય છે. અલબત્ત, અમુક NRI પાણી પણ ડરી-ડરીને પીવે અને લોકો સાથે વાતચીત અને વ્યવહારમાં પણ થોડું જાળવી-જાળવીને ચાલે તેવા હોય છે ! તેમના મનમાં આજે પણ ભારતની છબિ વર્ષો પુરાણી જ સજ્જડ રીતે ઘર કરી ગઈ હોય છે. સમય સાથે આવેલા પરિવર્તનો અને પ્રગતિ તેમને વિદેશના પ્રમાણમાં ઘણા ઓછા જણાતા હોય છે. ત્યારે તેમને અહીં પોતાના જ લોકો તરફથી પણ અંદરના ભાવ સમો જ પ્રતિસાદ મળતો હોય છે. માટે જ શ્રી પારસ હેમાણી લખે છે કે :

" NRI રજાઓ ગાળવા India આવે
ત્યારે તબિયત ના બગડે એટલે પીવા માટે
Mineral Water જ માંગે પરંતુ
મનનું સ્વાસ્થ્ય જાળવે એવા
શુદ્ધ સંબંધોની ખાતરી શું ?"

મા-બાપ માટે સંતાનોને વિદેશ મોકલવા એ ખૂબ અઘરી બાબત હોય છે. બાળકોની ખુશી માટે તેઓ આ બાબત સહજતાથી સ્વીકારી લે છે અને ખેલદિલીપૂર્વક આ સત્ય સ્વીકારીને જીવતા પણ શીખી લે છે તેમ છતાં ઘણીવાર પોતાના સંતાનને યાદ કરીને મનમાં દુઃખ અનુભવતા જણાય છે. ખાસ કરીને, બિમારીમાં, સારા-માઠાં પ્રસંગોએ તેમજ નિવૃત્તિ બાદ બાળકોની ખોટ અનુભવવી એ સાહજિક બાબત છે. સામા પક્ષે અહીંથી વિદેશમાં ગયેલા વિદ્યાર્થીઓ પણ શરુઆતમાં ઘર-પરિવાર, મા-બાપ અને ભારતીય માહોલને ખૂબ જ Miss કરતા હોય છે. શરુઆતના વર્ષોમાં નવા વાતાવરણને અનુકૂળ થવામાં સર્જાતી મુશ્કેલીઓને હસતા મોઢે માત્ર મા-બાપને ચિંતા ન રહે તે માટે સ્વીકારી લે છે. શરુઆતના આ સંઘર્ષભર્યા દિવસોમાં તેમનું એકમાત્ર લક્ષ્ય એ જ હોય છે કે જલ્દીથી આ નવા વાતાવરણમાં સેટ થઈને રહેવાની સાથોસાથ કમાવા લાગવું અને જયારે ચાન્સ મળે ત્યારે India આવીને વેકેશન માણવું.

નવા - નવા વિદેશમાં ગયેલા નવયુવાનો જયારે પહેલી વખત વેકેશન ગાળવા પરત આવે ત્યારે એરપોર્ટ પર પગ મૂકતાંની સાથે રોમાંચિત થઈ ઊઠે છે. દેશની માટીની મહેકથી લઈને, મમ્મીની રસોઈ અને મિત્રોની મહેફિલને એ દિલથી માણે છે અને પોતાના હૈયામાં આ તમામ બાબતોને ફરી પાછા આવવા મળે ત્યાં સુધી સંગ્રહી શકે તેમ સાચવીને મૂકી દે છે. પણ જયારે એ જ NRI બીજીવાર, ત્રીજીવાર અને ત્યારબાદ અવારનવાર ભારતમાં આવતા જતા થઈ જાય ત્યારે તેમને ભારતમાં ગંદકી, ટ્રાફીક, ભીડ-ભાડ અને ધૂળ અકળાવી મૂકે છે. તેમના મતે હવે વિદેશની ભૂમિ જ વધુ યોગ્ય બની ગયેલી જણાય છે. કવિશ્રી મકરંદ દવે લખે છે તેમ,

"ઝાઝાં છે મંદિરો ને ઝાઝાં જુગારખાનાં,
એ દેશમાં ઉપાયો કયાં છે ઉગારવાના ?
ઝાઝાં છે બંધ, ઝાઝી હડતાળની બજારો,
એ દેશમાં હંમેશાં હડધૂત છે હજારો."

જો કે, આખા દેશની તમામ જનતા જ આ પ્રકારની છે એમ માનવું ભૂલભરેલું છે. આ દેશમાં કેટલાય એવા લોકો છે જેઓ મૂંગા મોઢે અને પૂરી નિષ્ઠાપૂર્વક પોતાનું કાર્ય કરી રહ્યા છે. માત્ર પોતાનું જ નહિ અન્યનું કાર્ય પણ આવા લોકો કોઈ જાતની ફરિયાદ વિના જ કરી લેતા હોય છે. આપણે જયાં કામ કરતા હોઈએ, રહેતા હોઈએ ત્યાં આપણે સૌએ આવા નિષ્ઠાવાન ભારતીયોને જોયા જ હશે અને આવા લોકોને કારણે જ આજે દેશ પ્રગતિ કરી રહ્યો છે. જો આપણે બધા આ પ્રમાણે પ્રમાદ ત્યાગીને આપણા કાર્યને નિષ્ઠાપૂર્વક કરવા લાગીએ તો વેકેશન ગાળવા આવેલા NRI કાયમને માટે ભારતીય બની રહેવા ઝંખે એવા રાષ્ટ્રનું નિર્માણ કરી શકીએ અને ત્યારે કવિશ્રી નાથાલાલ દવે લખે છે તેવી ધરતી હિંદુસ્તાનની સર્જી શકાશે :

"મૂર્તિ જયાં સરજાઈ રહી છે એક નવા ઈન્સાનની,
ચાલો, દોસ્તો ! ખૂંદી વળીએ ધરતી હિન્દુસ્તાનની.
નવીન આશા, નવા ઉમંગો, નવાં તેજ રેલાય છે.
ખંડે ખંડે પંચશીલનો શાંતિમંત્ર લહેરાય છે.
પ્રજા પ્રજાનાં ભવ્ય મિલન! શી પ્રીતગાંઠ બંધાય છે!"
આજ અખિલ સંસાર તણું શું ભાગ્ય અહીં પલટાય છે!
હજાર વરસે આવી અનુપમ ઘડી નવાં નિર્માણની... ચાલો.

આવો, સૌ સાથે મળીને ભારત ભૂમિને તેના સુવર્ણકાળમાં ફરી એકવાર લઈ આવીએ.

Last Seen :
God loves man's lapm-lights
better than his own great stars.

ઈશ્વરને પોતાના મોટા મોટા તારાઓ કરતાં માનવીએ પેટાવેલાં કોડિયાં વધુ વહાલાં છે.

- રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીનદાસ પારેખ)

- nehalgadhavi101@gmail.com

સંસ્કૃતને આજીવન સમર્પિત મુસ્લિમ બિરાજદાર પરિવાર

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

- **પવિત્ર કુરાનને સંસ્કૃતમાં અનુવાદિત કરનાર ૮૩ વર્ષીય પંડિત ગુલામ દસ્તગીરને વેદગ્રંથોના પ્રખર જ્ઞાતા**
- **સોલાપુરની બ્રાહ્મણ ગુરુજીની પાઠશાળામાં ભણ્યા પછી પંડિતજી મુંબઈની શાળાના સંસ્કૃતશિક્ષક તરીકે નિવૃત્ત**
- **વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી દ્વારા રાષ્ટ્રીય સંસ્કૃત પ્રચારક નિયુક્ત, સનદી અધિકારીઓને વ્યાખ્યાનો આપતા**
- **રિક્ષાવાળો ય સમજે એવી સંસ્કૃતમાં વાત કરનાર ગુલામ સાહેબનાં સંતાનોની લગ્નકંકોતરીઓ સંસ્કૃતમાં જ**

હજુ હમણાંજ શંભાજીનગર (ઔરંગાબાદ)માં રાષ્ટ્રીય વૈદિક સંમેલન મળ્યું.દેશભરના વિદ્વાનો અને રાજનેતાઓ એમાં સહભાગી થયા, પણ ૧૯થી ૨૧ જાન્યુઆરી ૨૦૧૮ દરમિયાનના આ સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત પંડિત ગુલામ દસ્તગીર બિરાજદાર સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યા.મુંબઈમાં અમારા દાયકાઓના નિવાસ દરમિયાન સંસ્કૃતના આ મહાપંડિત સાથે અંતરંગ સંબંધ રહ્યો, પણ છેલ્લાં વર્ષોમાં એમનો સંપર્ક તૂટી ગયો હતો.સામાન્ય રિક્ષાવાળો પણ સમજી શકે એવી સાદી, સરળ અને દંભ વગરની સંસ્કૃત ભાષામાં બોલતા પંડિતજીને સંભાળવા એ લ્હાવો ગણાય."જન્મભૂમિ" દૈનિકના તંત્રી રહેલા ગુરુવર્ય સ્વ.મનુભાઈ મહેતા પણ આ મહાન હસ્તી વિશે અનેકવાર પોતાનાં લખાણોમાં ઉલ્લેખ કરીને આદર વ્યક્ત કરતા.પંડિતજી એટલે સાવ સાદી વ્યક્તિ.પંડિતાઈનો ભાર લઈને ફરનારા સંસ્કૃતના પંડિતોથી સાવ નોખા પડે એવા સોલાપુરી ટોપી અને લેંઘા-ઝભ્ભામાં કાયમ મળે. પંડિતજીને સંસ્કૃતપ્રેમી સદગત વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ સંસ્કૃતના રાષ્ટ્રીય પ્રચારક નિયુક્ત કરેલા,આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ માટે પ્રત્યેક રાજયમાં એમનાં વ્યાખ્યાનો યોજાય.કાશીના વિશ્વ સંસ્કૃત પ્રતિષ્ઠાનના એ મહાસચિવ અને સંસ્કૃત પત્રિકાના સંપાદક પણ રહ્યા.

કાશીનરેશને એમના માટે વિશેષ અનુરાગ.મુંબઈમાં પોદાર હોસ્પિટલ સામેની ટેકરી પર જતી સીડીઓ ચડીને ટોચ પર આવેલી મઝાર પર પહોંચો એટલે પંડિતજીનું નિવાસસ્થાન મળે.કાશીનરેશ એમને મળવા એમના નિવાસસ્થાને પધારે.આવું સાદું સીધું વ્યક્તિત્વ આજે ૮૩ વર્ષની ઉંમરે પણ સંસ્કૃતની સેવામાં લાગ્યું છે.ઈનામ-અકરામની પરવા કર્યા વિના, વિદેશોમાં એમનાં વ્યાખ્યાનો ગોઠવવાની ભલામણો મેળવ્યા વિના, માત્ર પોતે જ નહી , સમગ્રપણે બિરાજદાર પરિવાર સંસ્કૃતની સેવામાં આજે પણ સક્રિય છે.નાણાં ભેગાં કર્યાં નથી, પણ મરાઠી, હિંદી, સંસ્કૃત,અરબી, ફારસી અને અંગ્રેજીના અભ્યાસ થકી સનાતન (હિંદુ) ધર્મ અને ઈસ્લામના પવિત્રગ્રંથોના અભ્યાસ પછી પંડિતજી એવા તારણ પર જરૂર આવ્યા છે કે "વેદો અને કુરાનનો એક જ સંદેશ છે- માનવજાતનું કલ્યાણ". એમના પરિવારમાં નિકાહ પઢવાનો શુભ પ્રસંગ આવે ત્યારે લગ્નની કંકોતરીઓ પણ સંસ્કૃતમાં છાપવાની પરંપરા એમનાં સંતાનોનાં સંતાનોનાં લગ્ન વખતે પણ જળવાઈ છે. હજુ ૮ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ એમની ડેન્ટલ સર્જન પૌત્રી ડૉ.સમીનનાં ડેન્ટલ સર્જન ડૉ.મુહંમદ ઝમીર રઝવી સાથે લગ્ન લેવાયાં, ત્યારે પણ કંકોતરી તો ઈજનેર દીકરો દાનીશ શેખ પંડિતજી સાથે મુંબઈમાં રહીને એમના સંસ્કૃત વિષયક કામમાં મદદ કરે છે.

પ્રજાસત્તાક દિવસની સવારે જ પંડિત ગુલામ દસ્તગીર બિરાજદાર સાથે ફોન પર વાત થઈ ત્યારે અમારો પ્રશ્ન હતો કે આપે હાથમાં લીધેલું પવિત્ર કુરાનને સંસ્કૃતમાં અનુવાદિત કરવાનું કામ પૂરું થયું કે? પંડિતજી અમને કહેતા રહ્યાં હતાં કે કુરાન શબ્દ જ સંસ્કૃતનો છે.કુ+રાન એટલે કે પૃથ્વી + ઘોષણા.એટલેકે અલ્લાહની પૃથ્વી પરની ઘોષણા.પંડિતજી ઉવાચઃ "અનુવાદ તો થઈ ગયો છે.હસ્તલિખિત ૬૦૦ પાનાં હવે પ્રકાશિત કરવાનાં છે.તમે તો જાણો જ છો કે મેં જીવનમાં નાણા ભેગાં કર્યાં નથી.એ છપાવવા માટે નિધિની અન્ય ભાષાઓની સાથે સંસ્કૃતમાં જરૂર લખાઈ એટલુંજ નહી, એમાં સંસ્કૃતમાં પવિત્ર વેદની ઋચા પણ સામેલ હતી જ ! પંડિતજીના પરિવારમાં એમનાં ૭૭ વર્ષીય પત્ની વહીદા બિરાજદાર અને પુત્ર બદયિરઉજમા તથા બે પરિણીત દીકરીઓ ગ્યાસુનિસ્સા અને કમરુનિસ્સા તેમજ ત્રીજી પેઢીનો વિશાળ પરિવા